ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

# ગાંધીનગરમાં ગરમીનો કહેર યથાવત

## વસાહતીઓએ ઘરની બહાર નીકળવાનુ ટાળ્યું : લઘુત્તમ તાપમાન ૩૦ ડિ.સે. જેટલુ ઉંચુ રહ્યું છે





(તસવીર : કશ્યપ નિમાવત)

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગરમાં સતત આઠમા દિવસે ગરમીનું મોજુ યથાવત રહ્યું છે. મહત્તમ તાપમાન છેલ્લા ઘણા દિવસોથી ૪૩-૪૪ ડિગ્રીની આસપાસ જ રહેતા ભયંકર ગરમીનો અનુભવ થઈ રહ્યો છે. બાળકોનું વેકેશન ખુલવાની તૈયારી છે ત્યારે આકરી ગરમી પડતા વાલીઓની વેકેશન લંબાવવાની માંગણી બળવત્તર બની છે.

આ વર્ષે જુન માસનું પ્રથમ પખવાડિયુ ખુબ આકરૂ રહ્યુ છે. છેલ્લા ઘણા દિવસોથી મહત્તમ તાપમાન અધધ.. કહી શકાય તેવું ૪૩-૪૪ ડિગ્રી કે તેનાથી વધુ રહ્યું છે. અગાઉના વર્ષોમાં ઘણીવાર મહત્તમ તાપમાન ૪૪ ડિગ્રી કે તેનાથી વધુ પહોંચ્યું હોવાનું નોંધાયું છે. પરંતુ આ પ્રકારના ગંભીર હીટવેવની અસર બે થી ચાર દિવસ રહે છે. તે પછી તાપમાન સામાન્ય બની જાય છે. જો કે આ વર્ષે છેલ્લા બે અઠવાડિયાથી મહત્તમ તાપમાન સામાન્ય કરતા વધુ જ રહ્યું છે. આકરો તાપ જીરવાતો નથી. છેલ્લા ઘણા દિવસોથી વસાહતીઓએ દિવસ દરમ્યાન ઘરની બહાર નીકળવાનું ટાળ્યું છે. વસાહતીઓ આખો દિવસ ઘરના બારી બારણા બંધ રાખી ઘરમાં પુરાઈ રહે છે. બાળકોને વેકેશન હોવા છતાં ફરજીયાત ઘરમાં પુરાઈ રહેવું પડે છે. છેક મોડી સાંજે સુર્યાસ્ત બાદ માર્ગો પર, બજારોમાં અને હરવા ફરવાની જગ્યાઓ પર અવરજવર જોવા મળે છે. જો કે સાંજે માત્ર આકરા તડકાથી રાહત મળે છે. ગરમીથી છુટકારો મળતો નથી. આખો દિવસ ધોમધખતા તાપમાં તપેલી ધરતી રાત્રે કાળો કેર વર્તાવે છે. જમીન ઠંડી ન થતા રાત્રે પણ જાણે લુ ફુંકાતી હોય

● અનુસંધાન પાન-૭ પર

### ક્યાં-કેટલુ તાપમાન

| શહેર | મહત્તમ તાપમાન |
|---|---|
| અમદાવાદ | ૪૪.૩ |
| ડિસા | ૪૪.૪ |
| ગાંધીનગર | ૪૩.૯ |
| વીવીનગર | ૪૧.૪ |
| સુરેન્દ્રનગર | ૪૪.૦ |
| કંડલાએરપોર્ટ | ૪૩.૧ |
| સુરત | ૩૪.૪ |
| રાજકોટ | ૪૩.૬ |
| દ્વારકા | ૩૩.૫ |
| પોરબંદર | ૩૪.૬ |
| ભાવનગર | ૪૩.૫ |
| ભુજ | ૪૧.૪ |
| અમરેલી | ૪૩.૦ |
| નલિયા | ૩૭.૨ |

## અમદાવાદમાં હાલત કફોડી

અમદાવાદ, તા.૬

અમદાવાદ સહિત રાજ્યમાં ગરમીનો કાળોકેર જારી રહ્યો છે. હિટવેવના પરિણામ સ્વરૂપે લોકોની હાલત કફોડી બનેલી છે. નવા નવા કેસો સપાટી પર આવી રહ્યા છે. વર્ષ ૨૦૧૦ બાદ મહત્તમ ગરમી આ સપ્તાહમાં નોંધાઈ ચુકી છે. આગામી સમયમાં મહત્તમ તાપમાન ઘણું ઉંચું જવાની સંભાવના છે. તેની ગંભીર અસર થઈ શકે છે. હવામાન ખાતાના નિષ્ણાંતો દ્વારા હાલની સરખામણીમાં તાપમાન વધવાની શક્યતા દર્શાવવામાં આવી છે. આરોગ્ય શાખા જિલ્લા પંચાયત અમદાવાદ દ્વારા ગ્રામ્ય કક્ષાએ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં તથા શહેરી વિસ્તારોમાં અરબન હેલ્થ સેન્ટરો દ્વારા હિટ સ્ટ્રોકના દર્દીઓને પ્રાથમિક સારવાર આપવાની વ્યવસ્થા કરવામાં આવી છે. આરોગ્યના તમામ ફિલ્ડ સ્ટાફ, કાર્યકરો તથા આંગણવાડી કાર્યકરોને ઓઆરએસ પેકેટ ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે. ગ્રામ્ય વિસ્તારમાં ચાલતા મજુરીના કામ પર કામ કરતા મજુરોને આડઅસર ન થાય તે માટે જરૂરી વ્યવસ્થા કરવામાં આવી છે. સતત વધી રહેલા તાપમાનના અનુંસંધાનમાં કેટલીક કાળજી લેવાની અપીલ પણ કરવામાં આવી છે. આજે પણ અમદાવાદમાં તીવ્ર ગરમીનું મોજું રહ્યું હતું. અમદાવાદમાં મહત્તમ તાપમાન ૪૪.૩ ડિગ્રી નોંધાયું હતું. જ્યારે ૪૪થી વધુ તાપમાન જે વિસ્તારમાં રહ્યું હતું તેમાં ડિસામાં ૪૪.૪, સુરેન્દ્રનગરમાં ૪૪ તાપમાન નોંધાયું હતું.

અમદાવાદ શહેરમાં હિટસ્ટ્રોકના કેસો વધી રહ્યા છે.સામાન્ય કામકાજ સાથે જોડાયેલા લોકો ઉપર માઠી અસર થઈ છે. અત્રે ઉલ્લેખનીય છે કે, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને રેડ એલર્ટ જાહેર કરવાની ફરજ પડી છે. લોકોને સાવધાન રહેવાની સુચના આપવામાં આવી ચુકી છે. ગરમીથી હાલ કોઈ રાહત મળે તેવી શકયતા દેખાતી નથી.

## સચિવાલય ખાતે મહિલા પત્રકારને સન સ્ટ્રોક લાગતા પડી ગયા

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર શહેરમાં ગરમીનો પારો છેલ્લા ત્રણ દિવસથી ૪૩ થી વધુ પ્રવર્તી રહ્યો છે. ત્યારે આજે બપોરના સુમારે સચિવાલય સંકુલમાં ચાલતા જઈ રહેલા એક્સપ્રેસ જુથના મહિલા પત્રકાર સુ.શ્રી હિરલબેન દવે ચક્કર આવવાથી બ્લોક નં. ૧૪ નજીક પડી ગયા હતા. સન સ્ટ્રોકને કારણે તેમની તબીયત લથડી હોવાનું પ્રાથમિક અનુમાન તબીબોએ તારવ્યું છે.

રાજકોટના વતની અને અમદાવાદ આવૃત્તિમાં એક્સપ્રેસ જુથના સિનિ. પોલીટીકલ કોરસ્પોન્ડન્ટ સુ.શ્રી હીરલબેન દવે આજે બપોરે દોઢ વાગ્યાના સુમારે નવા સચિવાલય બ્લોક નં. ૧૪ નજીકથી ચાલતા પસાર જઈ રહ્યા હતા ત્યારે અચાનક ચક્કર આવતા રોડ પર પડી જવા પામ્યા હતા. તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ તાબડતોબ બોલાવી લેવામાં આવી હતી અને તાત્કાલિક સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવાયા હતા. જ્યાં અતિ ગરમીને લીધે ચક્કર આવીને શ્વાસ લેવામાં તકલીફ શરૂ થઈ ગઈ હોવાનું જણાવ્યું હતું. તબીબી તપાસ દરમિયાન તેમના પગમાં સામાન્ય સોજો જણાતા તબીબોએ એક્સ-રે પણ લીધો હતો. જો કે રીપોર્ટસ નોર્મલ આવ્યા હતા. આ દરમ્યાન પત્રકારો પણ હોસ્પિટલ પહોંચ્યા હતા. ત્યાં તેમના પરિવારજનો પણ આવી પહોંચ્યા હતા અને તબીયતની સ્થિતિ સારી જણાતા પરીવારજનો તેમના વતન રાજકોટ લઈ ગયા હતા.

## કાળઝાળ ગરમી સામે કેવી કાળજી લેવી જોઈએ

**હવામાન ખાતાના નિષ્ણાતોના મતે આગામી સમયમાં મહત્તમ તાપમાન ઘણું ઉંચુ જવાની સંભાવના છે ત્યારે શારીરિક ક્ષતિ થતા તુરંત જ નજીકમાં ડોક્ટરની સલાહ કે સારવાર લેવી**

ગાંધીનગર, તા. ૬

છેલ્લા ઘણા સમયથી આગ ઓકતી ગરમી પોતાનો કાળો કેર વરસાવી રહી છે. માનવ સહિતપશુ-પક્ષી સૌ કોઈ હેરાન પરેશાન થઈ ગયા છે. કાળઝાળ ગરમી સામે બેહાલ બનેલા લોકો શું કરવું શું ન કરવું તે દિશામાં સતત પ્રયત્નો કરી રહ્યા છે. ત્યારે આગામી સમયમાં મહત્તમ તાપમાન ઘણું ઉંચુ જવાની સંભાવના છે અને તેની ગંભીર અસરો માનવજાત ઉપર થવા સંભવ છે. જેને લઈ માથુ ફાડી નાખતી અને અગન દઝાડતી ગરમી સામે નાગરિકોએ કેટલીક કાળજી લેવાની જરૂર છે.

ગાંધીનગર શહેરમાં સતત પાંચમાં દિવસે પણ ગરમી પોતાના ગરમ લાય મિજાજમાં જ દેખાઈ રહી છે. આજે પણ ગરમીનો પારો ૪૩.૯ ડિ.સે. નોંધાયો છે. પરિણામે દિવસ દરમિયાન આકાશમાંથી સતત અગનગોળા વરસાવતી ગરમી સામે લોકો પંખા કે એસી વગર ક્ષણવાર પણ રહી નથી શકતા. દિવસ ચઢતાની સાથે જ માર્ગો સુમસામ બની રહ્યા છે. તાપ, ગરમી અને લૂ ની સામે માનવજાત સહિત પશુ-પક્ષીઓને પણ ભારે અસર થઈ રહી છે. જેને લઈ વિવિધ પ્રકારની બિમારીનો પણ લોકો ભોગ બની રહ્યા છે. ખાસ કરીને બાળકોમાં તાવ અને ઝાડા ઉલ્ટીની તકલીફો, ચક્કર આવવા, શરીર તુટવુ, કળતર થવુ, વગેરે જેવી તકલીફ જોવા મળી રહી છે. ત્યારે આ ગરમી અને ગરમીને લીધે થતી શારીરિક બિમારીની સામે રક્ષણ મેળવવા નાગરિકોએ પણ જાતે કેટલીક કાળજી લેવાની જરૂર છે. શહેરીજનોએ ગરમીમાં વધુ પ્રમાણમાં પાણી છાસ અથવા અન્ય પ્રવાહીનું સેવન સતત કરવું તેમજ ઠંડકવાળા સ્થળોએ સમયાંતરે આરામ કરવો જોઈએ. ઉપરાંત લાંબા સમય તડકામાં ન રહેવું અને હળવા રંગના ખુલતા સુતરાઉ કપડા જ પહેરવા જોઈએ.

હવામાનખાતાના નિષ્ણાંતો દ્વારા હાલની સરખામણીએ તાપમાન હજી પણ વધુ ઉંચુ જવાની શક્યતા દર્શાવેલ છે. આગામી દિવસોમાં મહત્તમ તાપમાન ૪૩ થી ૪૫ ડિ.સે. રહેવાની શક્યતા પણ છે.

### ● ગરમી સામે કેવા પગલા લેવા

- નાગરિકોએ વધુ પ્રમાણમાં પ્રવાહીનો ઉપયોગ કરવો.
- ગરમીની ઋતુમાં બને ત્યાં સુધી ભૂખ્યા ન રહેવું.
- લાંબા સમય સુધી તડકામાં ન રહેવું અને વાહન ન ચલાવવું.
- હળવા રંગના ખુલતા સુતરાઉ કપડા પહેરવા.
- ઠંડકવાળા સ્થળોએ સમયાંતરે આરામ કરવો.
- નાના બાળકો, વૃદ્ધો અને સગર્ભા સ્ત્રીઓ તડકામાં જવાનું ટાળવું.
- વારંવાર ભીના કપડાથી માથુ ઢાંકીને રાખવુ અને જરૂર જણાયે અવારનવાર ભીના કપડાથી શરીર લુછવુ.
- માથાનો દુ:ખાવો, બેચેની ચક્કર, ઉબકા કે તાવ, સ્નાયુમાં દુ:ખાવો, અશક્તિ લાગવી, ખુબજ પરસેવો થતા તુરંત જ નજીકના દવાખાના-પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર કે હોસ્પિટલમાં ડૉક્ટરની સલાહ કે સારવાર લેવી ગરમી સામે બચી શકાય છે.

## આજથી ગાંધીનગરમાં બે દિવસીય સેમિનાર : સહકાર સેતુ-૨૦૧૪

**કો-ઓપરેટીવ બેંકિંગ સેક્ટરને ટેકનોલોજીથી સજ્જ બનાવવા મેગા કોન્ફરન્સ : મુખ્યમંત્રી આનંદીબેન પટેલ, વિધાનસભા અધ્યક્ષ વજુભાઈ તથા રિઝર્વ બેંકના ડેપ્યુટી ગવર્નર ઉપસ્થિત રહેશે**

ગાંધીનગર, તા.૬

ગુજરાતમાં આવેલી શહેરી અને ગ્રામીણ સહકારી બેંકોને આજના એડવાન્સ ટેકનલોજીના યુગમા ટેકનોલોજીથી સુશક્ત બનાવવાના અને તમામ બેંકોને એક છત નીચે લાવીને બેંકિંગ ફેડરેશનને વધુ મજબૂત બનાવવાના હેતુથી ગુજરાત અર્બન કો -ઓપરેટિવ બેંક્સ ફેડરેશન અને ધ ગુજરાત સ્ટેટ કો-ઓપરેટિવ બેંક લિમિટેડના સંયુક્ત ઉપક્રમે 'સહકાર સેતુ ૨૦૧૪' નામે ગુજરાતના કો-ઓપરેટિવ બેંકિગ સેકટરની મેગા કોન્ફરન્સ અને એક્ઝિબિશન આયોજન કરાયું છે. નેક્સ્ટ જેન કો-ઓપરેટિવ બેંક્સ એટલે કે આગામી પેઢીની સહકારી બેંકો,એ થીમ પર યોજાનારા આ સહકાર સેતુ નામની મેગા ઈવેન્ટ આગામી ૭મી જુનથી ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે શરૂ થનાર છે. આ બે દિવસના સેમિનારનું ઉદઘાટન સત્ર મુખ્ય અતિથિ તરીકે ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબહેન પટેલ અને વિધાનસભા સ્પીકર વજુભાઈ વાળાની અધ્યક્ષતામા યોજશે.

'સહકાર સેતુ ૨૦૧૪'નું ઉદઘાટન ૭મી જુને સવારે ૧૦ વાગે થશે. આ પ્રસંગે આરબીઆઈની ભલામણો અને ગાઈડલાઈન્સ પ્રમાણે ગુજરાતની સહકારી બેંકોના વિકાસ માટે શરૂ કરવામા આવનાર બેકિંગ રીસર્ચ,ડેવલપમેન્ટ અને એક્સેલન્સ સેન્ટરનું પણ મુખ્યમંત્રી આનંદીબહેન પટેલના હસ્તે ઉદઘાટન કરવામા આવશે.આ કોન્ફરન્સમાં ૧૫૦૦ જેટલા ડેલિગેટ્સ ઉપસ્થિત રહેશે.

આ અંગે ગુજરાત કો-ઓપરેટિવ બેંક્સ ફેડરેશનના ચેરમેન જ્યોતિન્દ્ર મહેતાએ જણાવ્યું હતુ કે રીઝર્વ બેંકના સૂચન પ્રમાણે બધી સહકારી બેંકોની સામૂહિક તાકાતથી એક અમ્બ્રેલા ઓર્ગેનાઈઝેશન કે એક આધાર સંસ્થા, જે ધીરાણ, લીકવીડીટી, ફંડ મેનેજમેન્ટ, ઈન્વેસ્ટમેન્ટ બેંકિંગ , આઈટી સેવા તથા મેનેજમેન્ટ કન્સલ્ટન્સી અને અધિકારી-કર્મચારીઓને તાલીમ આપી શકે તેવી વ્યવસ્થા ગુજરાત સ્ટેટ ફેડરેશન દ્વારા કરવામા આવશે.

● અનુસંધાન પાન-૭ પર






ભગવાનને કેરીનો ભોગ - કેરીની મોસમ છલકે છે. ગરમીનું તાપમાન જેમ જેમ ઉંચુ જતું જાય છે તેમ તેમ કેરીનું વેચાણ વધતું જાય છે... આજકાલ ઘરેઘર કેરી વ્યાપક પ્રમાણમાં ખવાય છે... ત્યારે ભગવાનને પણ પ્રસાદમાં કેરી ધરાવાય છે... કેસર કેરી અને વલસાડી હાફુસ કેરીની બોલબાલા વધતી જાય છે... ભગવાનને ઉંચા પ્રકારની કેરીનો પ્રસાદ ધરવાયાનું દશ્ય ભાવપૂર્ણ લાગે છે.

## અક્ષરધામ કેસમાં બન્ને નિર્દોષ છૂટ્યા

**ખાસ પોટા અદાલત દ્વારા ચુકાદો જાહેર : સુપ્રીમ કોર્ટે ૧૬મી મેના દિવસે અન્ય છ આરોપીઓને નિર્દોષ છોડ્યા હતા : ૨૩મી મેએ સુનાવણી પુર્ણ કરાઈ**

અમદાવાદ,તા.૦૬

પોટા અદાલતે આજે વર્ષ ૨૦૦૨માં થયેલા અક્ષરધામ મંદિર પર આતંકવાદી હુમલા કેસના સંદર્ભમાં બે આરોપીઓને નિર્દોષ છોડી મુક્યા હતા. માજીદ પટેલ ઉર્ફે ઉમરજી અને સૌકતઉલ્લાહ ઘોરીને નિર્દોષ છોડી મુકવામાં આવ્યા હતા. ખાસ પોટા અદાલતે ૨૩મી મેના દિવસે આ કેસમાં સુનાવણી પુરી કરી લીધી હતી. આતંકવાદ અટકાયત ધારા (પોટા) કોર્ટના જજ ગીતા ગોપીએ ત્યારબાદ ચુકાદો આજની તારીખ સુધી મોકુફ કર્યો હતો. આતંકવાદી હુમલા માટે ફંડની વ્યવસ્થા કરવાના આરોપને સામનો કરી રહેલા પટેલની ૨૦૦૮માં ભરુચ જિલ્લામાંથી ધરપકડ કરવામાં આવી હતી. જ્યારે ઘોરીની એજ વર્ષે હૈદરાબાદમાંથી ધરપકડ કરવામાં આવી હતી. ટ્રાયલ દરમિયાન પ્રોસીક્યુશને ઠેરવ્યું હતું કે, આજ કેસમાં અન્ય છ આરોપીઓને સુપ્રીમ કોર્ટે નિર્દોષ છોડી મુક્યા છે. સુપ્રીમ કોર્ટ રાજ્ય સંસ્થા દ્વારા રજૂ કરવામાં આવેલા તારણો માનવા તૈયાર નથી. સ્પેશલ પબ્લિક પ્રોસીક્યુટર એચએમ ધ્રુવ દ્વારા દલીલ કરવામાં આવી હતી કે, આ સમગ્ર મામલો ખૂબ જ મહત્વપૂર્ણ છે. સુપ્રીમ કોર્ટે ૧૬મી મેના દિવસો આ કેસમાં છ આરોપીઓને નિર્દોષ છોડી મુક્યા હતા. આદમ સુલેમાન અને અબ્દુલ કયુમની અરજી પર જવાબમાં સુપ્રીમ કોર્ટે ઠેરવ્યું હતુ કે, પ્રોસીક્યુશન એવી બાબત સાબિત કરવામાં નિષ્ફળ રહ્યું છે કે તેઓ કાવતરામાં સામેલ હતા. આ બન્નેને પણ મૃત્યુ દંડની સજા આપવામાં આવી હતી. અલ્તાફ મલેક, અબ્દુલમિયાં કાદરી, મોહમ્મદ હનીફ સેખ, ચાંદખાન

● અનુસંધાન પાન-૭ પર

### નોટીસ

સાંચા કામ સબબે તારીખ ૯-૬-૧૪, સોમવારના રોજ નીચે જણાવેલ વિસ્તારનો વીજ પુરવઠો સવારના ૧૦-૦૦ કલાકથી સાંજના ૬-૦૦ કલાક સુધી બંધ રહેશે જેની માનવંતા ગ્રાહકોએ નોંધ લેવા વિનંતી તકલીફ બદલ ક્ષમા કરશો.

**૧. સેક્ટર-૮ સબસ્ટેશન**
**૨. આર.સી.એસ. (સેક્ટર-૨૮ ગ્રીનસીટી) સબસ્ટેશન**

સહી/-
ટોરેન્ટ પાવર લિમીટેડ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BIRLA TYRES Unbeatable!
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, ૨૩૨૨૩૦૪૭, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૯૯૦૪૦ ૦૦૬૮૯

Y.A. MANSURI
M. : 9824049503
SANJAY S. SHAH
P. Manubhai Medical
Since 1986
अभय
Government Approved Contractor
• Corporate Gathering • Celebrations • Marriage
• Exhibitions • Reception • Parties • Seminars
ABHAY DECORATORS
FEEL FREE. BE FEARLESS
CORRESPONDENCE OFFICE
Plot No. E-192, 193, 194,
B/h. Videocon Factory, Electronics Estate,
GIDC, Sector-26, Gandhinagar.
Ph. : 079-232 87368, Fax : 079-232 87292
REGD. OFFICE : B-203, Aman Flats, Opp. B.J.P. Office,
J.P. Chowk, Khanpur, Ahmedabad. Ph. : 079-25503943
email : info@abhaydecorators, www.abhaydecorators.com

ADITYA BIRLA GROUP
લીકેજ-મુકત ઘરો માટે
UltraTech SEAL & DRY
Total Waterproofing Solution
Waterproofing ka champion
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

SANGHI CEMENT
KisaN
ashirvad
C. PVC, UPVC
TATA
STEEL • PIPES • SHEETS
VINAYAK500
TMT BARS - ISI
BENELAVE
BATH FITTINGS
DR.FIXIT
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-3ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૯૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com